# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/09/2025** **Morning : 7.20 to 7.30**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં ગૃહમંત્રી અમિત શાહ આજે પાંચમા અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદ્ઘાટન કરશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં નિર્માણ પામેલા વીર સાવરકર સ્પોર્સ્ કોમ્પલેક્શનું પણ લોકાર્પણ કરશે.**
3. **રાજ્યમાં યોજાયેલી લોક અદાલતામાં આઠ લાખથી વધુ કેસોનો નિકાલ, એક હજાર 626 કરોડથી વધુના એવોર્ડ અપાયા.**
4. **ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજ્યના 23 જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપર મહેસૂલી તલાટીની આજે પરીક્ષા યોજાશે.**
5. **એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઇ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH GUJARAT VISIT

**હિન્દી દિવસ-2025 અને પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાનારા આ સંમેલનમાં સાત હજાર થી વધુ અધિકારીઓ સહભાગી થશે.**

**આ બે દિવસના સંમેલનનો ઉદ્દેશ હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે સમરસતા અને સમન્વય વધારવાનો છે. આ બે દિવસના સંમેલન દરમિયાન વિવિધ સત્ર યોજાશે, અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના 6,000 થી વધુ અધિકારીઓ ભાગ લેશે.**

**તેમણે કહ્યું કે આ વર્ષના સંમેલન દરમિયાન ભારતીય નામના બહુભાષીય અનુવાદ ટૂલનો પણ શુભારંભ થશે અને કેટલીક નવી પહેલો પણ શરૂ કરાશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહેશે..**

**સાંભળીએ એક અહેવાલ.**

# વોઇસ કાસ્ટ હર્ષલ પંડ્યા

કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદની મુલાકાત દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાનાર હિન્દી દિવસ સમારોહ 2025 તેમજ 5માં અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન બાદ શ્રી શાહ અમદાવાદના સરદારધામ ખાતે નવનિમિત કન્યા છાત્રાલયની મુલાકાતની સાથે ટ્રસ્ટી અને યુવા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કરશે.

તેઓ આજે બપોરે નારણપુરા ખાતે વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલનું લોકાપર્ણ કરશે. સ્પોર્ટસ કોમ્પલેક્ષના લોકાર્પણ બાદ તેઓ સર્કિટ હાઉસ શાહીબાગ ખાતે ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની ગટર, વરસાદી પાણી તેમજ અન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સમીક્ષા બેઠકમાં ભાગ લેશે.

હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# LOK ADALAT

ગુજરાત સહિત દેશભરમાં વર્ષ 2025ની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ રાજ્યની કોર્ટોમાં વિવિધ લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં દિવાની દાવા , મોટર અકસ્માત , ચેક રિટર્ન સહિતના આશરે 13 લાખ 67 હજાર 485 જેટલા કેસો સમાધાન માટે મુકાયા હતા. જેમાંથી 8 લાખથી વધુ કેસોનો સુખદ નિકાલ કરાયો અને એક હજાર 626 કરોડથી વધુના એવોર્ડ પણ અપાયા છે.

જામનગરમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું જેમાં અનેક કેસનો નિકાલ જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા કરાયો.

બાઈટ- એ .એમ શુક્લા જિલ્લા કાનુની સેવા સતા મંડળ જામનગર

જૂનાગઢ જિલ્લામાં જિલ્લા ન્યાયાધીશ બી .જી. દવેના માર્ગદર્શ હેઠળ ગઈકાલે લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં કુલ 2 હજાર 949 કેસોનો નિકાલ કરાયો હતો. જેમાં મોટર અકસ્માત , બેંક લેણા , ચેક રિટર્ન , લગ્ન સંબંધી વગેરે કેસો સામેલ હતા.

તાપી જિલ્લામાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ટી.આર.દેસાઈના નેજા હેઠળ રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી. આ લોક અદાલતમાં ૩ હજાર ૭૭૪ કેસોનો નિકાલ થયો છે. અને M.A.C.P કેસોમાં બે કરોડ દસ લાખનું વળતર ચૂકવાયું છે.

---

# GPSC EXAM

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આજે મહેસુલી તલાટીની પરીક્ષા યોજાશે. મહેસુલી તલાટી વર્ગ-3ની બે હજાર 384 જગ્યાઓ માટે પરીક્ષાનું ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આયોજન કરાયું છે. આ પરીક્ષા માટે ચાર લાખ 25 હજાર ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતા. જે પૈકી ત્રણ લાખ 99 હજાર ઉમેદવારોએ પરીક્ષા માટે કોલ લેટર ડાઉનલોડ કર્યા છે.

રાજ્યના 23 જિલ્લાઓમાં પરીક્ષાનું આયોજન કરાયું છે. એક હજાર 384 પરીક્ષા સેન્ટરોમાં આ પરીક્ષા લેવાશે. બાયોમેટ્રિક વેરિફિકેશન બાદ ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે. તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર તૈયારીઓ પૂરી કરી લેવાઇ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ પરીક્ષા યોજાશે.

આ સાથે જ તલાટીની પરીક્ષા માટે વલસાડમાં 54 કેન્દ્રો પર 19 હજાર 354 ઉમેદવારો પરીક્ષા આપશે. જેનું ગાંધીનગરથી લાઈવ મોનિટરિંગ થશે.

---

## GST - FOOD PROCESSING

કેન્દ્ર સરકારે વસ્તુ અને સેવા કર- GST દરમાં જાહેર કરાયેલી રાહતોને સમગ્ર રાજ્યમાં ખાસ કરીને, રાજ્યના ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર દ્વારા આવકારવામાં આવી છે.

આકાશવાણી સાથે વાત કરતાં ઉદ્યોગકાર અલકેશ સોનીએ કહ્યું કે જીએસટીના કર માળખાનો ઘટાડો આ ક્ષેત્રને વધુ સક્ષમ બનાવશે.

**(બાઇટ- અલકેશ સોની, ઉદ્યોગકાર )**

---

## CHANDOLA WALL

અમદાવાદના ચંડોળા તળાવમાંથી ગેરકાયદે દબાણો દૂર કરાયા બાદ ફરીથી ત્યાં દબાણો ઉભા ન થાય તે માટે 14 કરોડ 85 લાખ રૂપિયાના ખર્ચે આરસીસી દીવાલ બનાવવામાં આવશે.

ઘોડાસર હેલ્થ મસ્ટરથી ગણેશનગરથી નીલગિરિ રોડ થઈ ઈરિગેશન ઈન્સ્પેક્શન બંગલા સુધી આરસીસી રિટેનિંગ દિવાલ બનાવવામાં આવશે. ચંડોળા તળાવ વિસ્તારમાં મોટા પાયે દબાણો દૂર કરાયા હતા. જે સ્થળે ફરીથી દબાણો ઉભા ન થાય તે માટે તકેદારી રાખવા માટે આ કવાયત હાથ ધરાઈ છે.

આ સાથે જ દક્ષિણ ઝોનના વિવિધ તળાવ ફરતે પણ આરસીસી દિવાલ બનાવાશે.

---

## CRICKET-ASIA CUP

T-20 એશિયા કપ ક્રિકેટના ગ્રુપ- A મેચમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં રાત્રે 8 વાગ્યાથી રમાશે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમો પહેલી વાર એકબીજા સામે ટકરાશે.

આ દરમિયાન શ્રીલંકાએ ગઈકાલે રાત્રે અબુધાબીમાં ગ્રુપ- B મેચમાં બાંગ્લાદેશને છ વિકેટથી હરાવ્યું. 140 રનના લક્ષ્યાંકના જવાબમાં , શ્રીલંકાએ 14 ઓવર અને ચાર બોલમાં છ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. અગાઉ , પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે નિર્ધારિત વીસ ઓવરમાં પાંચ વિકેટે 139 રન બનાવ્યા હતા.

---

# RAIN

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 34 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં નવસારીના ખેરગામમાં ત્રણ ઇંચ જેટલો જ્યારે ડાંગના આહવામાં બે ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના 142 હાઇએલર્ટ પર છે જ્યારે 15 એલર્ટ પર અને 15 ચેતવણી મોડ ઉપર છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહે તેવી આગાહી કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમા કેટલાંક જિલ્લાઓમાં પવન સાથે વરસાદ પડવાની પણ શક્યતા છે.

આ સાથે જ દ્વારકાના જામ ખંભાળિયાના ભાડથર , લાલુકા, સેઢા ભાડથર સહિતના ગ્રામ્ય પંથકમાં વરસાદ પડ્યો છે.

---

# AAG – ANKLESHWAR GIDC

અંકલેશ્વરના પાનોલી GIDCમાં આવેલી એક ખાનગી કંપનીમાં મોડીરાતે આગ લાગી હતી. કંપનીમાં લાગેલી આગ વિકરાળ બનતા આજુબાજુની કંપનીઓના શ્રમીકો પણ કંપની છોડવા મજબૂર બન્યા હતા. આગ આજુબાજુના વિસ્તારો સુધી ફેંલાતા લોકોમાં પણ ભયનો માહોલ હતો. આગની ઘટનાની જાણ થતાં ફાયર ફાઇટરની ટીમે ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાના પ્રયત્ન હાથ ધર્યા હતા.

---

# DANG POLICE KARAYKRAM

ડાંગના વઘઇ પોલીસ સ્ટેશનના દગડીઆંબા ગામે પોલીસ અધિક્ષક પૂજા યાદવની અધ્યક્ષતામાં પોલીસ અને પ્રજા વચ્ચે સમન્વય બની રહે તે માટે ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં હાજર રહેલ ગામના લોકો , મહિલાઓ, સ્કુલ- કોલેજના વિધાર્થીઓને સાયબર ક્રાઇમ ગુન્હા , ટ્રાફીક એવરનેશ, નસીલા પદાર્થોના સેવનથી થતા નુકશાનો અંગે તેમજ ઘરેલુ હિંસા વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

---

# SARDAR YATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીની ઉજવણી બરડોલીથી નીકળેલી સરદાર સન્માન યાત્રા આવતીકાલે ગાંધીનગર પહોંચશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ સરદાર સન્માન યાત્રામાં જોડાશે. આ ઉપરાંત હર્ષ સંઘવી , કૃષિ મંત્રી રાઘવજી પટેલ પણ ગાંધીનગરમાં આવનારી સરદાર સન્માન યાત્રામાં જોડાશે. સવારે બારડોલીથી સોમનાથ સરદાર સન્માન યાત્રા ભાટ સર્કલ પોહચશે. ગાંધીનગર મહાનગરમાં આ યાત્રાના સન્માન માટે 450 જેટલા બેનરો લગાવવામાં આવ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ એવા લોખડી પુરુષની 150મી જન્મ જયંતીની ઉજવણી હેઠળ સભાનું આયોજન કરાશે. આ ઉપરાંત ઘ-2થી ઘ-7 સુધી માનવ સાંકળ હશે.

---